60 YEARS CELEBRATION
SINCE 1965
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY SURAT

**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only

**Vol. 15, Issue. 263, July 2024**


**પ્રિય વાચક મિત્રો,**

'ભારતીય પરંપરામાં ગુરુપૂર્ણિમા'

આષાઢી પૂર્ણિમા આપણે ત્યાં વ્યાસપૂર્ણિમા અથવા ગુરુપૂર્ણિમાને નામે પરિચિત છે. અને તે દૃષ્ટિથી ભારતીય પરંપરામાં તે અત્યંત મહત્વપૂર્ણ દિવસ ગણાય છે. ભારતીય પરંપરામાં ગુરુ પ્રાપ્ત કરવો એ વ્યક્તિનું અતિઆવશ્યક કર્તવ્ય મનાયું છે. ગુરુત્વની એટલે કે શ્રેષ્ઠત્વની પૂજા કરવી અને માર્ગદર્શન પ્રાપ્ત કરવું એ ભારતીય જીવનમાં પરમ સૌભાગ્ય મનાય છે.

ગુરુનું માહાત્મ્ય પણ આપણે ત્યાં ઓછું અંકાયું નથી. ગુરુમાં જ સર્વ દેવોના સમાવેશની સંકલ્પના આપણે માટે નવી નથી અને તેને સાક્ષાત્ પરબ્રહ્મ માનીને આપણે ત્યાં ગુરુપૂજા થતી રહી છે. કવિકલ્પનાએ તો તેને ગોવિંદ કરતાં પણ વધુ ઊંચું સ્થાન આપ્યું છે, કારણ તેને કારણે જ ઈશ્વર પ્રાપ્તિની ઇચ્છા પૂરી થઈ શકે છે. ગુરુત્વની, શ્રેષ્ઠત્વની પૂજા કરવી અને તેને ચરણે સર્વસ્વ સમર્પણની અભિલાષા રાખવી એ માત્ર સનાતન/ભારતીય અથવા હિંદુ પરંપરાની જ વિશેષતા છે. ભારતમાં આ પરંપરાએ જે વિશેષ અર્થ પ્રાપ્ત કર્યો છે તે અર્થમાં વિશ્વમાં અન્યત્ર ક્યાંય પણ આ સંકલ્પના પ્રસ્થાપિત થઈ નથી.

માનવ જીવનમાં ગુરુપૂજા સર્વસામાન્ય વ્યક્તિ જ્યારે ગુરુપૂજન કરે છે ત્યારે તેની આકાંક્ષાઓ અતિ સીમિત હોય છે. પોતાનું અને પોતાના પરિવારનું સર્વમંગલ થાય, સન્માર્ગે ચાલીને જીવનનાં સામાન્ય સુખ પ્રાપ્ત થાય અને સામાન્ય કર્તવ્યો પોતે નિર્વિઘ્ને પૂર્ણ કરી શકે તેમાં તેની જીવનની બધી આકાંક્ષાઓ સમાઈ જાય છે. આ સામાન્ય સુખોની કલ્પના કદાચ વ્યક્તિશઃ જુદી જુદી હોઈ શકે, દરેક વ્યક્તિના માનસિક, સાંસ્કારિક સ્તર પ્રમાણે જીવનનાં સામાન્ય સુખોની પ્રાપ્તિથી માંડીને આત્મકલ્યાણ અને મોક્ષ સુધીની હોઇ શકે. પરંતુ ગુરુકૃપાથી એ આકાંક્ષાઓ પૂર્ણ થઈ જશે એ વિશ્વાસ તેનામાં ગુરુ પૂજાની પ્રેરણા ઉત્પન્ન કરે છે.

આપણે ત્યાં ભારત વર્ષમાં ભગવા રંગનું વિશિષ્ઠ મહત્વ રહેલું છે. સમાજમાં ભિન્ન ભિન્ન લોકોની સાથે સાથે રાષ્ટ્રીય કાર્ય સાથે જોડાયેલા વ્યક્તિઓ/સ્વયંસેવકના મનમાં એક પ્રકારની આસ્થા અને વિશ્વાસ જગાવે છે. સ્વાભાવિક રીતે જ વ્યાપક ધ્યેયનો વિચાર કરીએ તો આપણને જવાબ મળે છે. પરમ કૃપાળુ પરમેશ્વરે આ રાષ્ટ્ર માટે નિયત કરેલા વિશ્વકલ્યાણના ધ્યેયને સનાતની હિંદુ સમાજના પ્રબળ સમૂહ દ્વારા આ રાષ્ટ્રને સમર્થ બનાવી તેના માધ્યમથી પૂર્ણત્વ તરફ લઈ જાય છે. આ લક્ષ્યની સિદ્ધિ માટે વ્યક્તિના સ્વરૂપમાં આ ધ્યેય માટે સર્વસમર્પણ માટે પ્રતિબદ્ધ નાગરિક નિર્માણના સમૂહને તૈયાર કરવા માટે છે. સ્વયંપ્રેરણાથી, લક્ષ્યપ્રાપ્તિ માટે સર્વસ્વાર્પણની પ્રતિબદ્ધતાથી પ્રેરિત કાર્યકર્તા/વ્યક્તિ તરીકે આ ધ્યેયનિષ્ઠ સમૂહની કાર્યશક્તિથી સંપૂર્ણ સનાતન હિંદુસમાજને પ્રેરણા અને માર્ગદર્શન કરી તેના માધ્યમથી સામર્થ્યશાળી રાષ્ટ્ર બનાવવાનું અને એવા રાષ્ટ્રના સામૂહિક પુરુષાર્થના માધ્યમથી કૃણ્વંતો વિશ્વ વિશ્વમાર્યનું ઈશ્વરપ્રદત્ત ધ્યેય પ્રાપ્તિ છે.

કોઈપણ આ મહાન લક્ષ્યની સિદ્ધિ અપરિમિત ત્યાગ અને બલિદાન સિવાય શક્ય નથી. વિવિધ મત, પંથ, પ્રાંત, ભાષા અને ઉપાસના પદ્ધતિઓમાં વિભાજિત અને વ્યક્તિગત ઇચ્છાઓ અને સ્વાર્થોની પૂર્તિમાં લિપ્ત સમાજને એ કળણમાંથી બહાર કાઢી રાષ્ટ્ર માટે સર્વસ્વ સમર્પણના માર્ગ પર આગળ વધવાની પ્રેરણા કોણ આપી શકે? એનો નિશ્ચયિત જવાબ છે ભગવો ધ્વજ. આપણી સંસ્કૃતિ ત્યાગના આધાર પર વિકસિત છે. પરોપકાર માટે, ઉચ્ચતમ માનવમૂલ્યોના સંરક્ષણ માટે, શોષિત અને પીડિત વિશ્વના કલ્યાણ માટે ઉચ્ચતમ બલિદાનની પ્રેરણા આપનારી આ યજ્ઞ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિએ પરહિત માટેના બલિદાનને જ મનુષ્યત્વ માન્યું છે. જગતનું સર્વ જ્ઞાન જેનું ઉચ્છિષ્ટ ગણાય છે તેવા ભગવાન વેદવ્યાસે પોતાના સર્વજ્ઞાનનો નિચોડ બે જ પંક્તિઓમાં આપ્યો છે. તે પંક્તિઓ છે.

'अष्टादश पुराणेषु व्यासस्य वचन द्वयम् ।
परोपकारः पुण्याय पापाय परपीडनं ।

પરાપૂર્વથી ભગવાન સૂર્યનારાયણ આ યજ્ઞસંસ્કૃતિના પ્રેરક મનાયા. તેમના જ પ્રતીક તરીકે અગ્નિપૂજા વિકસી અને તે જ યજ્ઞજવાલાઓના પ્રતીક તરીકે ભગવો રંગ, ભગવું વસ્ત્ર, તેને ધારણ કરનારો સંન્યાસી અને તેના પ્રતીક સમાન ભગવો ધ્વજ એ ત્યાગ અને બલિદાનનાં પ્રેરક પ્રતીકો મનાયાં. સર્વસ્વત્યાગી સંન્યાસીઓએ ભગવું વસ્ત્ર ધારણ કર્યું. શાસકવર્ગ સહિત આખા સમાજે તેને પૂજ્ય માન્યું. રાષ્ટ્ર, ધર્મ, સંસ્કૃતિ, જીવનમૂલ્યો, સજ્જનોના રક્ષણ અને દુર્જનોના નિયમન માટે શ્રેષ્ઠતમ બલિદાનો આપનારા અને અપ્રતિમ માનવીય શૌર્ય પ્રગટ કરનારા વીરોએ ભગવા ધ્વજને ગુરુસ્થાન આપી પ્રેરણા પ્રાપ્ત કરી. આ રાષ્ટ્રના ઉત્થાન અને પતનનાં અનેક ચક્રોનો તે સાક્ષી મનાયો અને હંમેશા નવોત્થાનની પ્રેરણા બની રહ્યો. કવિઓએ તેનું વર્ણન કર્યું –

उदयविकरस्तिमिराप हर्दता समर्भाः हुतात्महुत शोणवर्णं ।
त्यागस्य केतनमुदीर्ण हुताशार्चि विश्वे सदा विजयते भगवद्ध्वजोयं ॥

આ દેશમાં આ જ જીવનમૂલ્યોનું સંરક્ષણ કરવા અને તેને માટે સર્વસ્વનું બલિદાન આપવા પ્રતિબદ્ધ છે, અને તેથી જે ભગવો ધ્વજ સનાતન ભારતીય ઇતિહાસના ઉત્થાન–પતનનાં અનેક ચક્રોનો સાક્ષી છે, રાજપૂતાણીઓને જૌહરની, વીરોને શ્રેષ્ઠતમ બલિદાનોની, રાજાઓ અને રાજપુત્રોને સર્વસ્વત્યાગની સર્વકાલિક પ્રેરણા આપી છે તે ધ્વજને તેણે ગુરુસ્થાને સ્થાપિત કર્યો છે.

**દિનાંક ૧ ઓગસ્ટ, ૨૦૨૪** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કાર્યકારી કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે CPR Trainingનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય તબીબ/ડૉક્ટર દિવસ' નિમિત્તે તા. ૧/૭/૨૦૨૪ સોમવારના રોજ બપોર ૨ થી ૪ કલાકે CPR (Cardiopulmonary Resuscitation) Trainingનું આયોજન શ્રીમદ્ રાજચંદ્ર હૉલ ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના માનનીય ઈ.ચા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય ડૉ. પારૂલ વડગામા, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ.પ્રકાશચંદ્ર પટેલ ઉપરાંત વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કોરોના બાદ આપણે જોઈ રહ્યા છે કે, છાપામાં રોજબરોજ હાર્ટ એટેક આવવાનાં સમાચાર આવતા રહે છે. આપણે સોશિયલ મીડિયા દ્વારા વિડીયોમાં પણ જોઈએ છે કે, 'કોઈ ને ક્રિકેટ રમત તો કોઈ ને જીમમાં કસરત કરતાં, કોઈ ને ડાન્સ કરતાં તો કોઈ ને બેઠાં બેઠાં કે પછી ઉભા ઉભા, કોઈને ચાલતા ચાલતા અચાનક કાર્ડિયાક અરેસ્ટ આવ્યો'. આવા સમયે જો કાર્ડિયાક અરેસ્ટ આવેલ વ્યકિતને CPR આપવામાં આવે તો તેનો જીવ બચાવી શકાય છે.



CPR Training ખૂબ સરળ હોય છે જે કોઈ પણ શીખી શકે એમ હોય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા CPR Trainingનું આયોજન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે કરવામાં આવ્યું હતું. આ CPR Training ડૉ. પારૂલ વડગામા અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. ડૉ. પારૂલ વડગામાએ જણાવ્યું હતું કે, કાર્ડિયાક અરેસ્ટ જેવી ગંભીર ઘટનામાં CRP થકી આપણે કોઈનો જીવ બચાવી શકીએ છીએ. જેથી આવી તાલીમ દરેકે લેવી જોઈએ જેથી ક્યારેક આપણી આસપાસ જો આવી ઘટના બને તો આપણે કોઈનો જીવ બચાવી શકીએ.









## Certificate Course Details

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ વિવિધ **Certificate Course**ના **તા. ૧૪/૦૬/૨૦૨૨ થી તા. ૧૨/૦૮/૨૦૨૪** દરમ્યાન એનાયત કરવામાં આવેલ માર્કસીટ/પ્રમાણપત્રની માહિતી.

| | |
|---|---|
| **Total Course** | **576** |
| **Pass** | **98,598** |
| **Fail** | **530** |
| **Total** | **99,128** |

## વાણિજ્ય વિભાગમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગમાં તા. ૯/૭/૨૦૨૪ના રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના માનનીય ઇ.ચા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તેમજ વિદ્યાર્થીઓનું કંકુ અને ચોખાના તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાનશ્રીઓ, સંયોજકશ્રીઓ અને વિભાગના વરિષ્ઠ અધ્યાપકો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના ગીતથી કરવામાં આવી હતી. કાર્યક્રમનો ઉદ્દેશ્ય નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સલાહ તેમજ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ મહત્વના સંસાધનો અને સુવિધાઓ અંગે માર્ગદર્શન આપવાનો હતો. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ આભારવિધિ અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

## વહીવટી સ્ટાફને 'કર્મનો સિદ્ધાંત' વિષય પર તાલીમ આપવામાં આવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે માન. ઈ.ચા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શનથી મહિનાના દર બીજા અને ચોથા શનિવારે વહીવટી સ્ટાફ માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે તા. ૧૩/૭/૨૦૨૪ બીજા શનિવારના રોજ જાણીતા વકતાશ્રી મનીષ વઘાસીયા દ્વારા 'કર્મનો સિદ્ધાંત' વિષય પર કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. શ્રી મનીષ વઘાસીયા પણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી હોવાથી ગર્વથી કર્મચારીઓને તાલીમ આપવા જોડાયા હતા. તાલીમનો ઉદ્દેશ કર્મચારીઓને તેમના કામકાજમાં વધુ કાર્યક્ષમ બનાવવા અને કામના મહત્ત્વને સમજાવવાનું હતું. જેમાં તેઓએ વ્યકિતગત વિકાસ, કાર્યનું સંચાલન, ટીમ વર્ક, મનોરંજન અને મનોમંથન, સપોર્ટ, ૩૦ સેકંડ ફોર્મુલા જેવા અનેક મુદ્દાઓ આવરી લઈ ખુબ જ મનોરંજન સાથે સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ તાલીમની મદદથી વહીવટી સ્ટાફ તેમના કાર્યોની સાથે ટીમ વર્કને પ્રાથમિકતા આપી શકે છે અને તેમના કામગીરીને કાર્યક્ષમ અને પ્રતિભાશાળી રીતે સંચાલિત કરી શકે છે.

વકતાશ્રી મનીષા વઘાસીયા દ્વારા તાલીમ મહાભારતના વિવિધ ઉદાહરણો અને કિસ્સાઓ દ્વારા કાર્યસ્થળે કર્મના સિદ્ધાંતનો કેવી રીતે અમલ કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું અને કઈ રીતે કર્મચારીઓએ પોતાના કાર્યને જ પોતાનું પેશન ગણવું અને પોતાનું કાર્ય કરીને ગર્વ અનુભવવો જેવા અનેક મુદ્દાઓ આવરી લીધાં હતા. તાલીમ દરમિયાન માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા ૧૦૦ જેટલા વહીવટી કર્મચારીઓએ ભાગ લીધો હતો.





## વિશ્વવિદ્યાલયના સિક્યુરીટી સ્ટાફ અને સેવકભાઈઓ/બહેનોને છત્રી અને રેઈનકોટ વિતરણ કરવામાં આવ્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૧૩/૦૭/૨૦૨૪ના રોજ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે લાયન્સ કલબ, સુરત દ્વારા છત્રી અને રેઈનકોટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા લાયન્સ કલબના કોમલબેન અને તેમની ટીમ ઉપસ્થિત રહીને વિશ્વવિદ્યાલયના સિકયુરીટી સ્ટાફ અને સેવકભાઈઓ/બહેનોને વરસાદથી સુરક્ષા આપવા માટે છત્રી અને રેઈનકોટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમના દ્વારા વિશ્વવિદ્યાલયના ૨૫૦ કરતા વધારે લોકોને છત્રી અને રેઈનકોટ આપવામાં આવ્યા હતા. અંતે સૌએ સાથે મળીને વિશ્વવિદ્યાલય પરિસર ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.






## યુનિવર્સિટીના IAS-IPS તાલીમ કેન્દ્રના વિદ્યાર્થીઓની સફળતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના IAS-IPS તાલીમ કેન્દ્ર ખાતે સિવિલ સર્વિસની તૈયારી માટેના વર્ગો ચાલે છે. વર્ષઃ ૨૦૨૨ થી UPSC તેમજ GPSC માટે મેઈન્સ અને ઇન્ટરવ્યુ સુધીની તૈયારી કરાવવાની શરૂઆત કરવામાં આવી હતી. બે વર્ષમાં વિભાગના ત્રણ વિદ્યાર્થીએ પરિક્ષામાં સફળતા મેળવી છે, વિભાગના વિદ્યાર્થી હર્ષિત ઉપાધ્યાય જેઓએ UPSC-2024ની પ્રાથમિક કસોટી પાસ કરી મુખ્ય પરીક્ષા માટે પસંદગી પામ્યા છે તેમજ GPSC-2024ની પરીક્ષામાં પૂજાબેન પટેલ સફળ થયાં છે અને મેઈન્સ માટે પસંદગી પામ્યાં છે. તેમજ ૨૦૨૨માં વિભાગના વિદ્યાર્થી મયુર પરમારે UPSCમાં ૮૨૩ રેન્ક પ્રાપ્ત કર્યો છે તેમજ આવતા મહિનાથી IRSની ટ્રેનીગમાં જવાના છે. ઉતીર્ણ થયેલ આ તમામ વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી શુભેચ્છાઓ પાઠવે છે. IAS-IPS સેન્ટરની શરૂઆત યુનિવર્સિટીનાં વિદ્યાર્થી સિવિલ સર્વિસમાં જોડાય તે હેતુસર કરવામાં આવી હતી. હાલ વિભાગ ખાતે UPSC-GPSC સહીત PSIના પણ વર્ગો ચાલે છે. જ્યારે આગામી દિવસોમાં Banking, CDS તેમજ NATA જેવી પરીક્ષા માટેનાં વર્ગો પણ શરૂ કરવામાં આવનાર છે.

## કારગિલ સ્મૃતિ દિવસ











વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ તથા રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના સંયુકત ઉપક્રમે કારગીલ વિજય દિવસની સ્મૃતિમાં કારગીલ યુદ્ધમાં શહિદ થયેલા જવાનોને વિરાંજલી આપવા માટે તા.૩૦/૦૭/૨૦૨૪ના રોજ એક વ્યાખ્યાનનું આયોજન યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગમાં કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના ઈ.ચા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, પૂર્વ સૈનિક પરિષદના મનમોહન શર્મા, જયંતીભાઈ ગાંધી, બિરબાક સિંહ, એન.કે.દેસાઈ, નવીનચંદ્ર સુરતવાળા, મહાદેવભાઈ નાયક, પત્રકાર આશુતોષ ભટનાગર, પત્રકારત્વ વિભાગના વડા ડૉ. ભરતભાઈ ઠાકોર સહિત અન્ય વિભાગના વડાઓ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન યુવક કલ્યાણ વિભાગના વડા ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટય દ્વારા થયો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી ડૉ. પ્રકાશચંદ્ર પટેલે કાર્યક્રમને અનુરૂપ પોતાના પ્રવચનમાં ઉપસ્થિત સૌને શાબ્દિક આવકાર આપી કારગિલ યુદ્ધની સ્મૃતિઓ વાગોળી હતી. તેમણે વિશ્વવિદ્યાલય આ પ્રકારની પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન કઈ રીતે આપી શકે, દેશની સુરક્ષા જવાનોને હાથે, ભારત સરકારના હરઘર તિરંગા અભિયાન અને દેશને સુરક્ષિત રાખવા માટે નાગરિકો કઈ રીતે પોતાની ભૂમિકા ભજવી શકે વગેરે બાબતો પર પોતાના વિચારો સંક્ષિપ્ત પ્રવચનમાં વ્યકત કર્યા હતા.

ત્યારબાદ કુલપતિશ્રીએ પોતાના સંક્ષિપ્ત પ્રવચનમાં ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓ વગેરેને સન્માન આપતાં તાળીઓથી વધાવડાવ્યા હતા. કુલસચિવ શ્રી ડૉ. રમેશદાન ગઢવીએ પોતાના ટૂંકા પ્રવચનમાં મહેમાનોને આવકાર, કારગિલ યુદ્ધ અને શહિદોને વંદન વગેરે બાબતો પર પ્રકાશ પાડયો હતો. પૂર્વ સૈનિક પરિષદના મનોહર શર્માએ ભારત માતાના જયઘોષ સાથે પોતાના પ્રવચનનો આરંભ કર્યો હતો. જેમાં તેમણે ૮૪ દિવસ ચાલેલું કારગિલ યુદ્ધ, પ૨૭ જવાનોની શહીદી, ૧૩૦૦ જખમી જવાનો, કારગિલ યુદ્ધમાં સુરતની ભૂમિકા, ભારત સાથે પાકિસ્તાનને કરેલી છેતરપિંડી, દેશમાંથી એકઠો કરેલો ફંડ વગેરે મહત્વપૂર્ણ બાબતો પર શૌર્યથી ભરપૂર વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ જમ્મુ કાશ્મીર અધ્યયન કેન્દ્ર, દિલ્હી સાથે જોડાયેલા અને સ્વતંત્ર પત્રકાર આશુતોષ ભટનાગર દ્વારા ભારતીય સૈનિકો દ્વારા કારગિલની દુર્ગમ પહાડીઓમાં લડાયેલા યુદ્ધની વિગતે વાત કરી હતી. જેમાં તેમણે સૈનિકો, સામગ્રી પહોંચાડનારા અન્ય અધિકારીઓ, ભારતમાં દેશભકિત કઈ રીતે લોકોમાં પેદા થાય છે તે વિશે, દેશની અખંડિતતા માટે લોકોમાં જાગૃતી રાષ્ટ્રભાવના, કારકોરમ ઘાટમા ભારતની સૈન્યની ગતિવિધિઓ, કારગીલની N.H.1 ટેકરીના વિજયની વાત, ભારતના કુદરતી નિર્માણની વાત, કારગિલ યુદ્ધ વખતે સાડા પાંચ લાખ વિદ્યાર્થીઓએ લખેલા પત્રો, કારગિલ યુદ્ધમાં પ્રજાજનોએ, કવિઓએ, લેખકોએ વગેરે પોતપોતાની રીતે આપેલા યોગદાનની વિગતે વાત કરી હતી. કાર્યક્રમના અંતે આભાર વિધિ કરી કાર્યક્રમને યુવક કલ્યાણ વિભાગના વડાએ પૂર્ણ જાહેર કર્યો હતો.

## જે.પી.દાવર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી

### વૃક્ષારોપણ કાર્યક્રમ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતના જે.પી.દાવર ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી (Department of ICT) દ્વારા પર્યાવરણ સંરક્ષણ

પ્રોત્સાહન આપવા માટે ૧૧ જુલાઈ, ૨૦૨૪ ગુરુવારના રોજ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ આ પ્રસંગની ઉજવણી માટે કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતું. તેઓએ પર્યાવરણીય સંરક્ષણના મહત્ત્વ પર ભાર મૂકયો અને વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણના પ્રયાસોમાં સક્રિય ભૂમિકા ભજવવા પ્રોત્સાહિત કર્યા. આ પહેલ અમારા વિદ્યાર્થીઓને અને સમુદાયમાં પર્યાવરણને અનુકૂળ વાતાવરણ બનાવવાની સમજણ ઊભી કરવા માટે અમારી પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. આ કાર્યક્રમમાં જે.પી.દાવર ઇન્સ્ટીટયૂટ ઓફ ઇન્ફર્મેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. પુષ્પલ દેસાઈ, M.Sc. ICTના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. કમ્લેંદુ પાંડે, અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ સાથે મળી ૧૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું હતુ.

## Department of Economics

### અર્થશાસ્ત્ર વિભાગ ખાતે 'ઓરીએન્ટેશન પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું







તા. ૧૧/૭/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના સાથ–સહકારથી અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. ૨૦૨૪–૨૫માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટય દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા ઉપસ્થિત અતિથી ડૉ. આર.સી.ગઢવીનું સ્વાગત વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પુસ્તક અને યુનિવર્સિટી ખેંસ પહેરાવીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનું સ્વાગત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું વકતવ્ય રજૂ કર્યું હતું અને એમ.એ.માં પ્રવેશ બદલ શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું જેમાં અર્થશાસ્ત્ર વિભાગ તથા વિષય અંતર્ગત માર્ગદર્શન પૂરું પડયું હતું. તેમણે અર્થશાસ્ત્ર સાથે જોડાયેલ મહાન અર્થશાસ્ત્રીઓ તથા તેમણે લખેલા પુસ્તકો વિષે ચર્ચા કરી હતી. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા યુનિવર્સિટી તથા અર્થશાસ્ત્ર વિભાગ વિષે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. જેમાં વિભાગનાં શૈક્ષણિક કર્મચારી, બિનશૈક્ષણિક કર્મચારી તથા સેવક કર્મચારી વિષે તથા તેમની કામગીરી વિષે ચર્ચા કરી હતી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનું ભૌતિક માળખું સમજાવ્યું હતું, ચર્ચાને આગળ વધારતા વિદ્યાર્થીઓને વિષય પસંદગી, સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્રાપ્ત થતું પારિતોષિક તથા વિભાગ ખાતે થતી ઈત્તર પ્રવૃત્તિઓ વિષે પણ ચર્ચા કરવામાં આવી હતી. તથા એન્ટીરેગીંગ સેકસુઅલ હેરેસમેન્ટ સેલ તથા SSIP અંગેથી માહિતી આપવામાં આવી હતી. અંતે શૈક્ષણિક કર્મચારી, વહીવટી કર્મચારી તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની મંજુરી માટે યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ તેમજ એકિઝકયુટીવ કાઉન્સિલનાં સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

### અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 'વિશ્વ વસ્તી દિવસની' ઉજવણી કરવામાં આવી



તા. ૧૧/૦૭/૨૦૨૪નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે જુદી જુદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકૃતત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા 'વિશ્વ વસ્તી દિવસ'નાં વિષય સંદર્ભમાં જુદા જુદા પોસ્ટર, નિબંધ અને વકતવ્ય રજુ કરવામાં

આવ્યાં હતાં. જેમાં એમ.એ. સેમેસ્ટર–૩નાં કુલ ૯ વિદ્યાર્થીઓએ પોતાની કળાનું પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓનું મનોબળ વધારવા માટે એક થી ત્રણ ક્રમ આપવામાં આવ્યા હતા. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અંકિતા જીંજાળા, દ્વિતીય ક્રમે કિંજલ કલસરિયા અને તૃતીય ક્રમે બે વિદ્યાર્થીની પ્રાંજલ બેલાડીયા અને ધ્રુવીશા ગુર્જરે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતી પ્રથમ યશસ્વી પટેલ, બીજા ક્રમ પર ધ્રુવીશા ગુર્જર અને ત્રીજા ક્રમ અંકિતા જીંજાળા વિદ્યાર્થીનીને આપવામાં આવ્યો. ત્યાર બાદ વર્કૃત્વ સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે યશસ્વી પટેલ, દ્વિતીય ક્રમે આરતી હીરપરા અને તૃતીય ક્રમે સ્નેહિલ મકવાણાએ સ્થાન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. દિલીપ ચૌધરી, શ્રી મેરાભાઈ જમોડ, શ્રી દિવ્યાબેન રાવલ અને શ્રી સ્મિતાબેન નાઈક દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અને વિજેતા વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ શુભકામનાઓ પાઠવી હતી.

## ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન




તા. ૧૯/૭/૨૦૨૪ને શુક્રવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગની સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાની અદ્ભુત મહેંદી કળાને પ્રદર્શિત કરી હતી. પ્રસ્તુત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યાપિકા ડૉ. મોસમ ત્રિવેદીએ ભૂમિકા ભજવી હતી તથા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની ઝીઝાલા અંકિતા રહી હતી, દ્વિતીય ક્રમ પર સોડવડીયા વંદના અને બેલાડીયા પ્રાંજલ, તૃતીય ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીની પઠાણ સબીના અને શૈખ સનાબાનુ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. દરેક વિજેતાઓને અર્થશાસ્ત્ર વિભાગ અને યુનિવર્સિટી પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

## ગુરુપૂર્ણિમાં દિવસની ઉજવણી કરવામાં આવી








તા. ૧૯/૦૭/૨૦૨૪ને શુક્રવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સેમેસ્ટર–૧ અને ૩નાં વિદ્યાર્થીઓએ 'ગુરુપૂર્ણિમાં દિવસ' નિમિત્તે તમામ ગુરુજનોનાં સન્માન અર્થે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય પરંપરાગત સંસ્કૃતિ મુજબ વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપકોનું પૂંજન કરી ગુરુ પૂર્ણિમાનાં દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી તથા પ્રાધ્યાપક ડૉ. મનીષ આર. પટેલ, ડૉ. યોગેશ એન. વાંસિયા, ડૉ. દિલીપ ચૌધરી, શ્રી મેરાભાઈ જમોડ, શ્રી સ્મિતાબેન નાઈક અને શ્રી વૈશાલીબેન ખારવાનું પુષ્પ આપીને પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિભાગનાં અન્ય વહીવટી અને સહાયક કર્મચારીગણનું પણ પુષ્પ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ગુરુપૂર્ણિમાં દિવસ નિમિત્તે શ્રેષ્ઠ ગુરુ અને શિષ્ય પરંપરાનાં ઉદાહરણ આપ્યા હતા. જેમાં ઋષિ વેદવ્યાસ, ગુરુ દત્તાત્રેય, એકલવ્ય–ગુરુદ્રોણ, સ્વામી વિવેકાનંદ અને ગુરુશ્રી રામકૃષ્ણ પરમહંસનાં ગુરુ શિષ્યનાં સંબંધની ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. તે ઉપરાંત

ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ગુરુની વ્યાખ્યા આપતા જણાવવામાં આવ્યું હતું કે, આપણે સત–અસત કોઈ પણ જીવ–નિર્જીવ વસ્તુ પાસેથી આપણા જીવનમાં કાંઈપણ શીખવા મળે તે આપણા ગુરુ માની શકીએ. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા દરેક વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાં દિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમનાં અંતે વિદ્યાર્થીઓએ ગુરુ વિષે વકત્વય રજુ કર્યું. કાર્યક્રમને આગળ વધારતા એમ.એ. સેમેસ્ટર–૧ અને ૩નાં વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાં અવસર નિમિત્તે ગુરુ અને શિષ્યનાં સંબંધ અંગે પોતાનું મંતવ્ય અને દ્રષ્ટિકોણ રજુ કર્યા હતા. અંતે કાર્યક્રમની આભારવિધિ એમ.એ. સેમેસ્ટર–૩નાં વિદ્યાથી સ્નેહિલ મકવાણા દ્વારા કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીનો પણ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની પટેલ યશસ્વી, હિરપરા આરતી, પટેલ વૈનીશા, નકુમ આરતી, ટંડેલ કેવિન, સોડવડીયા વંદના, ઝીંઝાલા અંકિતા, બેલાડીયા પ્રાંજલ અને મકવાણા સ્નેહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ભારત સરકારના નીતિ આયોગ દ્વારા યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગની 'ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ' માટે પસંદગી કરવામાં આવી




નીતિ આયોગ, ભારત સરકારના 'વિકાસ દેખરેખ અને મૂલ્યાંકન કાર્યાલય' દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અર્થશાસ્ત્ર વિભાગની 'ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ માટે પસંદગી કરવામાં આવી છે એવું અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી એ જણાવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી સાહેબના સીધા માર્ગદર્શનમાં અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી તથા અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનીષ આર. પટેલ દ્વારા સપ્ટેમ્બર–૨૦૨૩માં 'ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ વિષય પર એમ વિસ્તૃત પ્રપોઝલ તૈયાર કરીને ભારત સરકારના નીતિ આયોગમાં મોકલવામાં આવી હતી. ત્યારબાદ પસંદગીના બે રાઉન્ડમાં પ્રેઝન્ટેશન કર્યા બાદ તાજેતરમાં 'ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અર્થશાસ્ત્ર વિભાગની પસંદગી કરવામાં આવી છે. આ પ્રકલ્પમાં શિક્ષણ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) અને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ (RKSK) તેમજ શિક્ષણ મંત્રાલય ભારત સરકારની સમગ્ર શિક્ષા અને પી.એમ.પોષણ શકિત નિર્માણ યોજનાઓનો અભ્યાસ કરવામાં આવશે. પ્રસ્તુત યોજનાઓનો અભ્યાસ કરવા માટે અર્થશાસ્ત્ર વિભાગ ખાતે અનુસ્નાતકનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ પીએચ.ડી.નું સંશોધન કરતા સંશોધકોનો આ પ્રકલ્પમાં સમાવેશ કરવામાં આવશે નીતિ આયોગ દ્વારા આપવામાં આવેલઆ પ્રકલ્પનો એક પ્રમુખ હેતુ અનુસ્નાતકનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ પીએચ. ડી.નું સંશોધન કરતા સંશોધકોમાં સંશોધનની આવડતોનો વિકાસ કરવાનો રહેલો છે. તેના માટે નીતિ આયોગ દ્વારા આ વિદ્યાર્થીઓ અને સંશોધકોને કમ્પ્યુટર–આસિસ્ટેડ પર્સનલ ઈન્ટરવ્યુ (CAPI)ની તાલીમ ઓગસ્ટ મહિનાના પહેલા અઠવાડિયામાં આપવામાં આવશે અને ટેકનોલોજીનો ઉપયોગ કરી કઈ રીતે ઓનલાઈન પ્રશ્નાવલી ભરાવી શકાય તે શીખવાડવામાં આવશે અને તેમની સંશોધનની સ્કીલ વિકસાવવાના પ્રયત્નો કરવામાં આવશે.

પ્રસ્તૃત સંશોધન માટે નિદર્શ ગુજરાતના ૪ પસંદગીના જીલ્લાઓ પૈકી ૭ બ્લોક તેમજ ૩૯ શાળાઓ માંથી પસંદ કરવામાં આવશે. જેમાં શાળાના આચાર્ય, શિક્ષક, રસોઈઆ તેમજ વિદ્યાર્થીઓના માતા–પિતા વગેરેની પસંદગી કરવામાં આવશે. જેની વિસ્તૃત પધ્ધતિ અને વિગતો નીતિ આયોગ દ્વારા પૂરી પાડવામાં આવશે. કુલ ૪ જીલ્લાઓ પૈકી 'ધી પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેકસ ૨૦૨૧'માંથી બે શ્રેષ્ઠ તેમજ ૨ નબળી કામગીરી ધરાવતા જીલ્લાઓની પસંદગી કરવામાં આવશે. નિદર્શમાં ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ આપતી સરકારી અને ખાનગી આમ બન્ને પ્રકારની શાળાઓનો સમાવેશ કરવામાં આવશે અને લગભગ ૫૦૦ જેટલી પ્રશ્નાવલી કમ્પ્યુટર–આસિસ્ટેડ પર્સનલ ઈન્ટરવ્યું દ્વારા ભરાવવામાં આવશે. જેનું વિશ્લેષણ કરી એક વિષદ અહેવાલ નીતિ આયોગને જમા કરાવવામાં આવશે.


વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આ સમગ્ર કાર્યવાહી ઓગસ્ટ માસ થી ઓકટોબર માસ દરમ્યાન પૂરી કરવાની રહેશે જેના માટે લગભગ ૩. ૭૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ નીતિ આયોગ દ્વારા ફાળવવામાં આવશે.

આ સિધ્ધી બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી સાહેબ અને બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્યો તથા એકિઝકયુટીવ કમીટીના સભ્યોએ અર્થશાસ્ત્ર વિભાગને અભિનંદન પાઠવ્યા છે અને શુભકામનાઓ આપી છે.

## Department of Economics & Central Library

### One Day Workshop On CMIE 'Use of Monitoring India Economy (CMIE) Data'





















તા. ૩૦/૭/૨૦૨૪નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે અર્થશાસ્ત્ર વિભાગ મધ્યસ્થ ગ્રંથાલય અને CMIE. Pvt. Ltdનાં સંયુક્ત પ્રયાસ દ્વારા એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'Use of Center for Monitoring India Economy (CMIE) Data' હતો. CMIE કાર્યશાળાનાં મુખ્ય અતિથી તરીકે કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા. જ્યારે મુખ્ય વકતા તરીકે શ્રી દિનેશ પંજાબી (Assistant Vice Presidents-seals, Center for Monitoring Indian Economy Pvt. Ltd. CMIE) હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન ડૉ.

યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મુખ્ય વકતા, અતિથિ ગણ, અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓનાં શાબ્દિક સ્વાગતથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, ડૉ. પારૂલ પટેલ અને મુખ્ય વકતા તરીકે શ્રી દિનેશ પંજાબીનું પુસ્તક અને યુનિવર્સિટી ખેસ પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત કાર્યશાળા અંગે પૂર્વભૂમિકા રજુ કરવામાં આવી અને CMIE વિશે પ્રાથમિક માહિતી પૂરી પાડવામાં આવી. ત્યારબાદ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા કાર્યક્રમમાં દરેક સભ્યોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓને CMIEનો ઉપયોગ કરવા અને વધારેમાં વધારે ઉપયોગકર્તાને CMIE અંગે જાગૃતિ ફેલાવવા પ્રેરવામાં આવ્યા હતા. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા અર્થશાસ્ત્ર વિભાગમાં અવારનવાર જ્ઞાન ઉપાર્જન અંગે આ પ્રકારનાં કાર્યક્રમ, સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને પ્રસ્તુત કાર્યશાળાની સફળતા અંગે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ત્યારબાદ મુખ્યવકતા ડૉ. દિનેશ પંજાબી દ્વારા પોતાનું માર્ગદર્શન કાર્યશાળાનાં ભાગ લેનાર દરેક સભ્યોને પૂરું પાડવામાં આવ્યું હતું. તેમને CMIEનાં જેમાં મુખ્યત્વે (1) Economics Outlook, (2) States of India Outlook અને (4) Prowess for Interactive Querying મોડયુલનો ઉપયોગ કઈ રીતે કરી શકાય, કયાં મોડયુલનો ઉપયોગ દ્વારા કેવા પ્રકારનાં ડેટા મેળવી શકાય તે અંગે વિસ્તૃત માહિતી અને પ્રેકટીસ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાજેતરમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા CMIEના ૪ મુખ્ય મોડયુઅલ લવાજમ વર્ષ ૨૦૨૪–૨૫ માટે ભરવામા્ આવ્યું છે. જેમાં મુખ્યત્વે (1) Economics Outlook, (2) States of India Outlook અને (4) Prowess for Interactive Queryingનો સમાવેશ થાય છે. જેનો ઉપયોગ અધ્યાપકો, સંશોધન કરતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવશે. પ્રસ્તુત કાર્યશાળાનો મુખ્ય હેતુ અધ્યાપકો અને સંશોધન કરતા વિદ્યાર્થીઓમાં CMIE જાગૃતતા વધે અને યુનિવર્સિટી દ્વારા જે ઓનલાઈન ડેટાબેઝ ઉપલબ્ધ કરવામાં આવ્યો છે, તેનો સંપૂર્ણ ઉપયોગ થાય, સંશોધનની ગુણવત્તામાં વધારો થાય અને સંશોધન સમાજ ઉપયોગી બને, તેમજ સંશોધન માટે જરૂરી આંકડાકીય માહિતી સંશોધકોને સરળતાથી ઉપલબ્ધ બની રહે તે હતો. પ્રસ્તુત કાર્યશાળા બે વર્ગમાં માત્ર વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યશાળામાં ૧૨૦ જેટલા અધ્યાપક, સંશોધકો અને વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. કાર્યશાળાનાં અંતે ડૉ. પારૂલ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. જેમાં તેમના દ્વારા કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢ વી, વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી તથા ઉપસ્થિત અધ્યાપકગણ, સંશોધકો, વિદ્યાર્થીઓ તથા કાર્યશાળાની વહીવટી મંજુરી આપનાર અને યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

## Department of Library & Information Science

### Orientation Program





તા. ૧૮/૭/૨૦૨૪નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. યોગેશ એન. વાંસિયાનાં માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક/અધ્યાપિકા અને પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં કૉ–ઓર્ડિનેટર ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દિપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથીગણ તથા અધ્યાપકગણનું શાબ્દિક સ્વાગત અને પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ આગળ વધારતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, વિભાગ અને કોર્ષ અંગેનો વિસ્તૃત પરિચય ડૉ. યોગેશ એન. વાંસિયા સાહેબ દ્વારા આપવામાં આવ્યો. ત્યારબાદ ડૉ. શૈલેશ પટેલ, ડૉ. હરિભાઈ ટંડેલ અને ડૉ. પારૂલબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યાં હતાં. જેમાં તેમના પોતાનાં ગ્રંથાલય અને પુસ્તક સાથેનાં અનુભવ, વિવિધ પ્રકારનાં ગ્રંથાલય અને એક સારો ગ્રંથપાલ બનવા માટેનાં કૌશલ્ય અંગેની ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમનાં અંતે શૈક્ષણિક કર્મચારી, વહીવટી કર્મચારી તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની મંજૂરી માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ તેમજ એકિઝકયુટીવ કાઉન્સિલનાં સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

## Department of Biotechnology

### ચાર દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનાં આયોજનની સફળતાપૂર્વક શરૂઆત કરાઈ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા B.Sc.ના નવા પ્રવેશેલા બાયોટેકનોલોજી અને માઈક્રોબાયોલોજી પ્રોગ્રામના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે તારીખ ૨૪ જુલાઈ થી ૨૭ જુલાઈ, ૨૦૨૪ એમ ચાર દિવસીય 'ઓરિએન્ટેશન પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હોય, પહેલા દિવસની સફળતાપૂર્વક શરૂઆત કરાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ વચ્ચે યુનિવર્સિટી અને વિભાગમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો અને સુવિધાઓ અંગે જાગૃતિ લાવવાનો છે. કાર્યક્રમ દરમિયાન યુનિવર્સિટીના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, વિભાગના સંયોજકશ્રી ડૉ. ગૌરવ શાહ, ડૉ. ચિરાગ પ્રજાપતિ (માઇક્રોબાયોલોજી કાઉન્સેલર), ડૉ. અંબિકા અરકટકર (બાયોટેકનોલોજી કાઉન્સેલર) અને તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમનું સંકલન વિભાગના અધ્યાપિકા ધ્વની ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી ગીત, પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. ડૉ. ગૌરવ શાહે આવેલા મહેમાનોનું અભિવાદન અને પ્રોત્સાહક શબ્દ સાથે નવી આવનારી બેચને શુભેચ્છાઓ પાઠવતા ઉત્સાહપૂર્વક સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે ભારે વરસાદ છતાં વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરી માટે તેમની પ્રશંસા પણ કરી હતી. કુલસચિવશ્રીએ યુનિવર્સિટીના વ્યાપક માળખાકીય સુવિધાઓ, અત્યાધુનિક રમત-ગમત સુવિધાઓ વિશે માહિતી અને બાયોટેકનોલોજી વિભાગની સિદ્ધિઓને વિદ્યાર્થીઓ સમક્ષ ઉજાગર કરી હતી. ત્યારબાદ કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓના જીવન અને ભવિષ્યને ઘડવામાં શિક્ષકોની નિર્ણાયક ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. વિભાગના એક શૈક્ષણિક અધ્યાપક ડૉ. ચિરાગ પ્રજાપતિએ તમામ વિદ્યાર્થીઓની સહભાગિતા અને સમર્થન બદલ આભાર વ્યક્ત કરતા ઉદ્ઘાટન સત્રનું સમાપન કર્યું હતું.

બીજા સત્રની શરૂઆત વિભાગના અન્ય અધ્યાપિકા ડૉ. માનસી મહેતા સાથે થઈ, જેમણે પેરેન્ટસ એસોસિએશન ગ્રુપના મહત્વ વિશે માહિતી આપી અને ભવિષ્યના સંકલન અને સંદેશાવ્યવહાર માટે સત્તાવાર ઇ-ગ્રુપની રચના કરી. ડૉ. અંબિકા અરકટકરે વિદ્યાર્થીઓને તેમની ભૂમિકાઓ અને યોગદાન પર પ્રકાશ પાડતા, વિભાગના શિક્ષણ અને બિન-શૈક્ષણિક સ્ટાફ બંનેનો પરિચય કરાવ્યો હતો.

ત્યારબાદ ત્રીજા સત્રમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગના સંયોજક શ્રી ડૉ. ગૌરવ શાહ દ્વારા 'જૈવિક વિજ્ઞાનમાં કેરિયર ઓપોર્ચ્યુનિટીઝ' વિષય પર સંબોધન આપી કાર્યક્રમમાં આવેલ માતા પિતાને તથા વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. તેમણે 'તમે જે કરો છો તેને પ્રેમ કરો અને તમને જે ગમે તે કરો'ના સંકલ્પ પર ભાર મૂકયો હતો.

## Department of Commerce

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગમાં ગુરુપૂર્ણિમાં દિનની ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા તારીખ ૨૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ ગુરુપૂર્ણિમાં દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિભાગના

વિદ્યાર્થીઓ દ્વારા ખૂબજ ઉત્સાહ અને ઉમંગ સાથે આ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ઉદેશ પોતાના ગુરુ પ્રત્યે આદરભાવ પ્રગટ કરવાનો હતો જેમાં વિદ્યાર્થીઓએ આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ સૌ ગુરુજનોનું તેમના કપાળ પર કંકુ અને ચોખાનું તિલક કરીને સ્વાગત કર્યું હતું. ઉજવણીની શરૂઆત સરસ્વતી વંદના સાથે થઈ હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના અનુભવો રજૂ કરવામાં આવ્યાં હતાં. કોમર્સ વિભાગના પ્રાધ્યાપકો ડૉ. પ્રીતિ શાહ, મુકેશ રોહિત, મેહુલ રાઠી, રક્ષા પટેલ, ડૉ. પ્રિયંકા કથીરિયા, તૃશાંગ ટેલર અને મયુર દાદરેશાએ અને બિનશૈક્ષણિક સ્ટાફે આ પ્રોગ્રામના આયોજન બદલ વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ડૉ. પ્રીતિ શાહે ગુરુપૂર્ણિમાના મહત્વ વિશે વિદ્યાર્થીઓને અવગત કર્યા હતાં. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કોમર્સ વિભાગના કૉ–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## કૉમસ વિભાગમાં કલે મોડેલિંગ અને બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધાનું આયોજન





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કૉમસ વિભાગ દ્વારા તારીખ ૨૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ 'કલે મોડેલિંગ અને બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાનું કૉ–ઓર્ડિનેશન વિભાગના પ્રો. રક્ષા પટેલ, ડૉ. પ્રિયંકા કથીરિયા અને પ્રો. મુકેશ રોહિત દ્વારા કૉમર્સ વિભાગના કૉ–ઓર્ડીનેટર તથા એસોસિએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સક્રિયતા અને સર્જનશીલતાને પ્રોત્સાહન આપવા સાથે સાથે પર્યાવરણ જાગરૂકતાને વધારવાનો હતો. બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધામાં વિધાર્થીઓએ વેસ્ટ મટિરિયલમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવવાની કળા બતાવી હતી. આમાં પ્લાસ્ટિક બોટલ્સ, પેપર્સ, મેટલ અને અન્ય વેસ્ટ મટિરિયલ્સનો ઉપયોગ કરીને ક્રિએટિવ અને ઇનોવેટિવ વસ્તુઓ તૈયાર કરવામાં આવી હતી. આ સ્પર્ધા દ્વારા વિધાર્થીઓએ રિસાયકલિંગ રિઉઝના મહત્ત્વને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. કલે મોડેલિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે તાકોલીયા રોશની તથા બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે માલાણી દર્શિલ અને દ્રિતિય ક્રમે વાળા મોહિત વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે ડૉ. પ્રીતિ શાહ અને પ્રો. મેહુલ રાઠી હાજર રહ્યા હતા. આ સ્પર્ધામાં વિજેતા જાહેર થનાર વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ અભિનંદન પાઠવ્યા હતા તથા આ સ્પર્ધાઓ વિદ્યાર્થી જીવનમાં નવી ઉર્જા અને પ્રેરણા પુરવાર થાય એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગમાં રક્તદાન શિબિર યોજાયો





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગમાં રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તા. ૩૧/૦૭/૨૦૨૪ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાજને મદદ થવાના હેતુથી ૫૦ જેટલા બ્લડ યુનિટ સુરત રક્તદાન કેન્દ્ર અને રીસર્ચ સેન્ટર અને તેમની ટીમ દ્વારા ભેગા

કરવામાં આવ્યા હતાં. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીએ હાજર રહીને રક્ત દાતાઓને બિરદાવ્યા હતા તેમજ યુનિવર્સિટી રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ હાજર રહીને સ્વયંસેવકોની કામગીરીને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. કાર્યક્રમનું સંચાલન વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ વિભાગના રાષ્ટ્રીય સેવા યોજના કૉ–ઓર્ડિનેટરશ્રી મુકેશ કે. રોહિત અને સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

## Department of Journalism & Mass Communication

### AI FOR BHARAT એપના નિર્માણમાં VNSGUના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ સક્રિય ભાગીદારી નોંધાવી




ભારત સરકાર દ્વારા ભારતમાં વપરાતા તમામ ડિજિટલ ગેજેટ્સ સાથે ભારતીય ભાષાઓમાં કમ્યુનિકેશન થઈ શકે તે માટે અને ભારતીય ભાષાઓમાં કમાન્ડ આપી શકાય તે માટે AI FOR BHARAT એપ બનાવવામાં આવી રહી છે. આ એપ વિકસાવવાનું કામ ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ ઇલેક્ટ્રોનિકસ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતા ડિજિટલ ઈન્ડિયા ભાષીની પ્રોજેકટ અને તેની અંતર્ગત ચાલતા ડેટા મેનેજમેન્ટ યુનિટને સોંપવામાં આવેલ છે. તેના સમગ્ર અમલીકરણની જવાબદારી ભારત સરકાર વતી ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી મદ્રાસને સોપવામાં આવેલ છે.

આ એપમાં ભારતીય બંધારણ દ્વારા ગુજરાતી સહિતની માન્ય ૨૨ ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્ય માટે દેશમાંથી ભાષા અનુસાર ૨૨ રાજ્યોની પસંદગી કરવામાં આવેલ છે. તે તમામ રાજ્યોની ભાષાઓના વોઈસ સેમ્પલ એકઠા કરવા માટે રાજ્ય દીઠ અંદાજિત ૨૨ થી ૨૫ જિલ્લાઓને પસંદ કરવામાં આવ્યાં છે. આ કામના અમલીકરણ માટે રાજ્યો અનુસાર જુદા જુદા પ્રતિનિધિઓને મૂકવામાં આવેલ છે. ગુજરાતમાં આ કામગીરી વિકાસ શાહ અને તેમના જૂથને સોંપવામાં આવી છે. આ જૂથે હાલમાં ગુજરાતમાં ત્રણ સેન્ટર ઉપરથી આશરે ૩૦૦ જેટલા લોકોના વોઈસ સેમ્પલ એકઠા કર્યા છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગના કુલ ૫, ફાઈન આર્ટસ વિભાગના કુલ ૧૩ અને ગુજરાતી વિભાગના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને પાંચસો રૂપિયા પ્રોત્સાહન રકમ આપવામાં આવનાર છે. જે વોઈસ સેમ્પલ લેવામાં આવે છે તે ૩૦ મિનિટના અને રોજબરોજની સ્થાનિક કે પ્રાદેશિક બોલીના સેમ્પલ હોય છે. આ તમામ સેમ્પલને આઈઆઈટી, મદ્રાસના સર્વર પર ટ્રાન્સફર કરવામાં આવે છે. ત્યાં વિભિન્ન ભાષાઓના ડિપાર્ટમેન્ટમાં જરૂરી પ્રક્રિયા હાથ ધરી પ્રત્યેક સેમ્પલનો ગુણવત્તાવાળો ૨૦ મિનિટનો ડેટા સ્ટોર કરવામાં આવતો હોય છે. વોઈસ ડેટા એકઠો કરવામાં વિભિન્ન જાતિઓના, વિભિન્ન ધર્મોના, જુદી જુદી ઉંમરના પુરુષો, મહિલાઓ અને બાળકોનો સમાવેશ કરવામાં આવે છે. આમાં ટ્રાન્સજેન્ડરનો સમાવેશ કરવાની જોગવાઈ પણ કરવામાં આવેલ છે.

સુરતમાં યુનિવર્સિટી સ્તરે વિદ્યાર્થીઓ પુરા પાડવા, જરૂરી માળખાકીય સુવિધાઓ આપવા અને આ કાર્યમાં અન્ય જરૂરી સહયોગ આપવા બાબતે 'AI FOR BHARAT'ની ગુજરાત ટીમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, યુનિવર્સિટીના કુલસચિવ શ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને પત્રકારત્વ વિભાગનાં સંયોજક શ્રી ડૉ. ભરતભાઈ ઠાકોરનો સવિશેષ આભાર માન્યો હતો.

### 'સમાજ હિત માટે જે ખોટું છે તેને ખોટું કહે અને સાચું છે તેને સાચું કહે એ પત્રકારનો ધર્મ છે' – મનોજ મિસ્ત્રી













વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગમાં આજે એટલે કે તા. ૧૬/૦૭/૨૦૨૪ના રોજ સાંપ્રત સમયમાં પત્રકારત્વની ભૂમિકા પર વિશેષ વ્યાખ્યાન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં યોજાઈ ગયું. જેમાં ગુજરાત ગાર્ડિયનના તંત્રીશ્રી મનોજભાઈ મિસ્ત્રી મુખ્ય અતિથિ અને વ્યાખ્યાતા હતા. આમાં યુનિવર્સિટીના કુલ સચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની વિશેષ ઉપસ્થિતિ હતી અને નિમંત્રક હતા. પત્રકારત્વ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર. કાર્યક્રમના આરંભે ડૉ. ઠાકરે ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો. ત્યારબાદ યુનિવર્સિટીના કુલપતિશ્રી એ વિષયને અનુરૂપ પત્રકારત્વનો સમાજ માટે સદુપયોગ શ્રી મનોજભાઈ મિસ્ત્રીએ કેવી રીતે કર્યો હતો તેના વિશે વિગતે વાત કરી હતી. કુલપતિના સંક્ષિપ્ત પ્રવચન બાદ ગુજરાત ગાર્ડિયનના તંત્રીશ્રી મનોજ મિસ્ત્રીએ પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓને પોતાના બહોળા અનુભવ, વિચારસરણી અને કલમની તાકાતનો પરિચય કરાવ્યો હતો.

વ્યાખ્યાનમાં તેમણે પત્રકારત્વ જગતની વાસ્તવિકતાથી લઈને પત્રકારની સમજ પ્રત્યેની ફરજો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જેમાં તેમણે પત્રકારોની સમજ પ્રત્યેની ફરજોને પત્રકારોનો ધર્મ લેખાવી હતી. ૪૪ વર્ષથી આ ક્ષેત્રમાં જુદી જુદી ભૂમિકાઓ અને બાર વર્ષ કરતા વધારે તથા આજપર્યંત તેમણે તંત્રી તરીકેની ભૂમિકા નિભાવતા સમાજ અને પત્રકારત્વ જગત માટે આપેલા યોગદાન વિશે વાત કરી હતી. તેઓએ સાંપ્રત સમયની વ્યાખ્યાથી માંડીને ભૂમિકા સુધીના અનેક બિંદુઓને પોતાના વ્યાખ્યાનમાં આવરી લીધા હતા, સાથે સાથે વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના જવાબ આપી તેમને પ્રોત્સાહન પણ આપ્યું હતું.

સાંપ્રત સમયના પત્રકારત્વ પર વિચાર રજૂ કરતા તેમને તાત્વિક અંદાજમાં કહ્યું હતું કે, 'સમય કયારેય સાંપ્રત હોતો નથી, તે સદૈવ બદલાતો રહે છે.' તેમણે પોતાના વ્યાખ્યાનમાં સમય બાબતે પોતાના વિચારો વ્યકત કરતા જણાવ્યું હતું કે, 'સમય સાથે બદલાવ આવશ્યક છે, જે પત્રકારત્વ જગતમાં પણ અનેક રૂપે દેખાઈ આવે છે.' પત્રકારત્વ એ વિચાર છે, દરેક વ્યકિત જેને કોઈ પણ વિચાર આવે છે, પોતાના મનમાં સારી ખરાબ બાબતો વિશે પ્રશ્નો કરતો હોય છે તે દરેક વ્યકિતમાં પત્રકારત્વના તત્વો પડેલા છે તેમ તેમણે પત્રકારત્વના મનોજગત વિશે કહ્યું હતું. આજના સમયમાં આ પ્રકારના વિચારો સામે લાવવા માટે એક વિશેષ માધ્યમ આપણને મળ્યું છે, જે ડિજિટલ માધ્યમ છે.

પત્રકાર અને પત્રકારત્વના કાર્ય વિશે જણાવતા તેમને કહ્યું હતું કે, 'રાજ્ય, દેશ અને દુનિયામાં જે પણ ખોટું થઈ રહ્યું છે, એને લોકો સમક્ષ લાવવું એ પત્રકાર અને પત્રકારત્વની ફરજ છે.' પત્રકારની નીડરતા વિશે જણાવતા તેમણે કહ્યું હતું કે, 'વાતો ઘણી હોય છે, પરંતુ એમાંથી જે સાચી વાતને નીડરતાથી લોકો સામે લાવે, તે પત્રકાર છે.' તેમને સાંપ્રત સમયના પત્રકારત્વનાં મીડિયા ટેકનોલોજીના ઉપયોગ બાબતે પોતાના વિચારો વ્યકત કરતા જણાવ્યું હતું કે, 'સમય સાથે બધું બદલાતું રહેશે અને એ બદલતા યુગમાં આવતી નવી ટેકનોલોજીનો ઉપયોગ સમાજહિતમાં, પત્રકારત્વના નીતિશાસ્ત્રના સંદર્ભે કરવો.' તેમણે તેમના અનુભવના આધારે કલમની તાકાતનો પરિચય આપતા જણાવ્યું હતું કે, 'કલમમાં સૌથી વધુ તાકાત છે. તેથી સાચું વિચારવું, સાચું લખવું, કલમનો સાચો ઉપયોગ કરવો, અને વિવેક પૂર્ણ ઉપયોગ કરવો.' વ્યાખ્યાનના અંતે શ્રી મિસ્ત્રીએ વિદ્યાર્થીઓ દ્વારા પત્રકારત્વ સંબંધે પૂછાયેલા જુદા જુદા પ્રશ્નોના વિગતે ઉત્તર આપી વિદ્યાર્થીઓના મનનું સમાધાન કર્યું હતું.

કાર્યક્રમના અંતે ડૉ. ભરત ઠાકોરે સમાપન પ્રવચન અને આભાર વિધિ વ્યકત કરતા જણાવ્યું હતું કે, 'પત્રકાર અને પત્રકારત્વ શું છે અને તેની માહિતી પત્રકારત્વ જગતમાં કાર્યરત વ્યકિત પાસેથી જ્યારે મળે, ત્યારે લોકોના મન પર

તેનો વિશેષ પ્રભાવ પડે છે.' પત્રકારત્વનો ઉપયોગ સમાજમાં વિધાયક બળ તરીકે કરવો જોઇએ તેમ કહી તેમણે કાર્યક્રમની સમાપ્તિની જાહેરાત કરી હતી.

## ગુજરાતમાં હોકી ઇન્ડિયાના વેસ્ટ ઝોન દ્વારા બીજી ઇન્ડિયા સબ જુનિયર મેન એન્ડ વુમન હોકી ચેમ્પિયનશિપ યોજાઈ









ગુજરાતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે હોકી ઇન્ડિયાની વેસ્ટ ઝોન દ્વારા સબજુનિયર મેન એન્ડ વુમન ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો આરંભ તા. ૨૩/૦૭/૨૦૨૪ના રોજ થયો હતો, જ્યારે તા. ૩૦/૦૭/૨૦૨૪ના રોજ પૂર્ણ થઈ હતી. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, દીવ, દાદરા અને નગર હવેલીની કુલ ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ૭ બોયઝ ટીમો અને ૬ ગર્લ્સ ટીમોનો સમાવેશ થતો હતો. બોયઝ હોકી ટીમ અને ગર્લ્સ હોકી ટીમની ફાઇનલ ટુર્નામેન્ટ ૩૦/૦૭/૨૦૨૪ના રોજ રમાઈ હતી. આમાં ગર્લ્સ ફાઈનલ હોકી મધ્યપ્રદેશ અને હોકી છત્તીસગઢ વચ્ચે રમાઈ હતી. જેમાં હોકી મધ્યપ્રદેશ ૭–૧થી ટુર્નામેન્ટ જીતી લીધી હતી. જ્યારે ત્રીજા સ્થાને હોકી મહારાષ્ટ્ર ટીમ ૫–૦થી રાજસ્થાન સામે જીતી હતી. હોકી બોયઝ ટીમમાં હોકી મધ્યપ્રદેશ અને હોકી મહારાષ્ટ્ર વચ્ચે ફાઈનલ રમાઈ હતી જેમાં હોકી મધ્યપ્રદેશે ૭–૧થી જીત મેળવી હતી. આમાં ત્રીજા સ્થાન પર દાદરા નગર હવેલી અને દમણ દીવ હોકી વિરુદ્ધ છત્તીસગઢ હોકી વચ્ચે રમાઈ હતી. જેમાં ૧–૧ (૫–૬ SO)થી છત્તીસગઢ જીતી ગયું હતું. આમાં યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, પત્રકારત્વ વિભાગના વડા ડૉ. ભરતભાઈ ઠાકોર અને યુવક કલ્યાણ વિભાગના વડા ડૉ. પ્રકાશચંદ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

## Department of Law

## કાયદાશાસ્ત્ર વિભાગમાં ભારત સરકાર દ્વારા અમલમાં આવેલ નવા ક્રિમીનલ મેજર એકટની પુસ્તકોની ભેટ મળી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૩૦/૭/૨૦૨૪ના રોજ 'ડીપાર્ટમેન્ટ ઓફ લો'ના વિદ્યાર્થીઓને કાયદાના અભ્યાસમાં મદદરૂપ થઈ શકે તે માટે તારીખ ૧, જુલાઈ ૨૦૨૪ના રોજથી ભારત સરકાર દ્વારા અમલમાં આવેલ નવા ક્રિમીનલ મેજર એકટની પુસ્તકો જેમ કે ભારતીય ન્યાય સંહિતા વગેરે જેવા પુસ્તકો સુરત જીલ્લા વકીલ મંડળ ૨૦૨૪ના સક્રિય કાઉન્સિલ મેમ્બર (૧) મયુર આર. પટેલ, (૨) ચેતન જે. પ્રજાપતિ (૩) મુકુંદ રામાણી (૪) ધવલ પાનસેરિયા (૫) મયુર ઠુમ્મર (૬) રાહુલ કોન્ટ્રાકટરના સહયોગથી યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે મોટા પ્રમાણમાં નવા કાયદા અંગેના પુસ્તકોની ભેટ મળેલ હોય આ પુસ્તકો નિવૃત જજ સાહેબશ્રી મધુકર વી. ધ્રુવ સાહેબ દ્વારા લખાયેલ છે. આ પુસ્તકો વિદ્યાર્થીઓ ખુબ જ સરસ અને સરળતાથી સમજી શકે અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ જ મદદરૂપ થઈ શકે તેમ છે. આ પુસ્તકો અર્પણ કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, કાનૂનશાસ્ત્ર વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. યશોધરા ભટ્ટ તેમજ અન્ય પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે માનનીય કુલપતિશ્રીએ સુરત જીલ્લા વકીલ મંડળના ૨૦૨૪ના સક્રિય કાઉન્સિલના સભ્યશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪–૨૫માં 'પ્રથમ રક્તદાન શિબિર'માં ૪૯ રક્ત બેગ એકત્ર થઈ






જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, વુમેન્સ એડીશનલ સેલ્ફ ફાયનાન્સ કૉલેજ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્ર, ફેમિલિ ફિઝિશ્યન એસોસિએશન, સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટર, એન.એસ.એસ. વિભાગ, એન.સી.સી. વિભાગના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબના માર્ગદર્શન હેઠળ તા. ૧૧/૭/૨૦૨૪ને ગુરુવારના રોજ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪–૨૫માં 'પ્રથમ રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ શ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા. નિહારીકાબેન જોષી અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તથા એન.સી.સી. કેર ટેકર પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને NSS સ્વયંસેવકો/ સેવિકાઓ, કેડેટ્સ અને તેમની ટીમે કર્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફસભ્યોએ પણ ઉત્સાહભેર રક્તદાન કરી ૪૯ રક્ત બેગ એકત્ર થઈ હતી. અમરોલી કૉલેજ પરિવાર તરફથી રક્તદાતાઓને સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કૉલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. તથા એન.સી.સી. કેર. ટેકર ઓફિસર તથા સ્વયંસેવકો/સેવિકાઓ અને કેડેટ્સે ભારે જહેમત ઉઠાવી હતી.

### 'વિશ્વ વસ્તી દિન'ની ઉજવણી




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી સુરતનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા પ્રિ. ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૧૧/૦૭/૨૦૨૪નાં રોજ 'વિશ્વ વસ્તી દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. એન.એસ.એસ.નાં સ્વયંસેવકો/સેવિકાએ કૉલેજના જુદા જુદા વર્ગમાં જઈને વિશ્વની વધતી જતી વસ્તીને કારણે સર્જાતી સમસ્યાઓ, વસ્તીની સ્થિતિ, માનવ જીવન, વ્યાપાર, રોજગાર પર થતી અસરો વિશે વિસ્તારથી માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા. હાર્દિકકુમાર શેલડીયા અને મોટી સંખ્યામાં NSSનાં સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજનાં એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૧૫/૦૭/૨૦૨૪ને સોમવારનાં રોજ પ્રિ.ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રા.જીતેન્દ્ર ચૌધરી, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, ડૉ. મયંકભાઈ સોઢા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને એન.એસ.એસની વિવિધ પ્રવૃતિઓથી માહિતગાર કર્યા હતા. ભૂતપૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. નરેન્દ્રભાઈ બારૈયાસાહેબે વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. પ્રા. મયુરભાઈ પાંડવ અને પ્રા. રોહિતભાઈ ચૌહાણ દ્વારા એન.એસ.એસ.ની પ્રવૃત્તિનાં પોતાના અનુભવો વ્યકત કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન

એન.એસ.એસનાં સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને એન.એસ.એસ. સ્વયંસેવકો/ સેવિકાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## આંતરવર્ગીય પ્રાર્થના સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૧૮/૦૭/૨૦૨૪ને ગુરુવારના રોજ પ્રિ.ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ 'આંતર વર્ગીય પ્રાર્થના સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં કૉલેજના કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રા. મયંકભાઈ સોઢાસાહેબે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. અને સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. હર્ષદભાઈ પટેલ અને ડૉ. ઝંખનાબેન પરમાર હાજર રહ્યાં હતાં. જેમાં પ્રથમ ક્રમે એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.નુપુર શાહ, દ્વિતીય ક્રમે એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. વિભાતી બોગાની અને તૃતીય ક્રમે એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. દ્રષ્ટિ પ્રજાપતિ અને એમ.એ.ની વિદ્યાર્થીની કુ. જાનવીબેન ચૌહાણ વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધાનું સંચાલન ઇવેન્ટ મેનેજમેન્ટ કોર્ષની ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રા. શિવાનીબેન રાજપૂત અને પ્રા. હાર્દિકકુમાર શેલડીયા પણ હાજર રહ્યાં હતાં.

## 'મહર્ષિ કશ્યપ આંતર શાળા સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધા'નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૧૯/૦૭/૨૦૨૪ને શુક્રવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબના માર્ગદર્શન હેઠળ 'મહર્ષિ કશ્યપ આંતર શાળા સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. નરેન્દ્રભાઈ બારૈયા દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરી સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. શહેરની જુદી જુદી શાળાના ૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે શ્રીમતી એસ.એચ.ગજેરા પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક સ્કૂલની વિદ્યાર્થીની કુ. હીના ઘનશ્યામભાઈ સાંગાણી, એસ.પી.બી. હાઈસ્કુલનો વિદ્યાર્થી શ્રીરોનિત વૈષ્ણવ, દ્વિતીય ક્રમે ગિરધર ગોપાલ મુંદ્રા માધ્યમિક શાળાની વિદ્યાર્થીની કુ. ભકિતબેન રાજુભાઈ ચાવડા અને તૃતીય ક્રમે એસ.પી.બી. હાઈસ્કુલનો વિદ્યાર્થી શ્રી સોમા વિકાસભાઈ વૈષ્ણવ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. નરેન્દ્રભાઈ બારૈયા અને શ્રીમતી માલાબેન નાયક હાજર રહ્યાં હતાં. સ્પર્ધાનું સંચાલન પ્રા. સ્વર્ણિમાબેન જૈન અને આભારવિધિ પ્રા. વંદનાબેન વેગડ દ્વારા કરવામાં આવી હતી.

## 'શ્રી રવિશંકર રાવળ આંતર શાળા ચિત્ર સ્પર્ધા'નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૨૨/૦૭/૨૦૨૪ને સોમવારના રોજ પ્રિ. ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ 'શ્રી રવિશંકર રાવળ આંતર શાળા ચિત્ર સ્પર્ધા' (માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે)નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે આદરણીય શ્રી દિનેશભાઈ રાઠોડ, રાકેશભાઈ ટેલર અને અશ્મીતાબેન હીરપરા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપૂર શાહે પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કૉ–ઓર્ડીનેટર પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય અને પ્રા. મિરલબેન ચાંદેગરાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે Smt. S.H.Gajera Pri & H.Secondary Schoolની વિદ્યાર્થીની કુ. ધાર્મી કાચા, દ્વિતીય ક્રમે S.P.B.High Schoolનો વિદ્યાર્થી શ્રી રચિત સોલંકી તેમજ તૃતીય ક્રમે Smt. S.H.Gajera Pri & H.Secondary Schoolની વિદ્યાર્થીની કુ. જાનવી હીરપરા અને કુ. સોહાની ગોટી

વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જીજ્ઞેશભાઈ જરીવાલા અને શ્રી અજીતસિંહ ખેર હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર દ્વારા કરવામાં આવી હતી.

## 'ગુરૂપૂર્ણિમા' નિમિત્તે કાર્યક્રમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં NSS અને NCC વિભાગ દ્વારા પ્રિ.ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૦૭/૨૦૨૪ના શનિવારના રોજ 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત NSS સ્વયંસેવિકાઓએ પ્રાર્થનાથી કરી હતી. કાર્યક્રમ અંતર્ગત ગુરૂના મહત્વ વિષે વકતવ્યો આપવામાં આવ્યાં હતાં તેમજ દરેક પ્રાધ્યાપક મિત્રોનું પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS સ્વયંસેવક/ સ્વયંસેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## વીર ભગતસિંહ આંતર કૉલેજ દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૨૬/૦૭/૨૦૨૪ને શુક્રવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'વીર ભગતસિંહ આંતર કૉલેજ દેશભકિત ગીત સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે ગવર્નમેન્ટ કૉલેજ, વાંકલના નિવૃત્ત આચાર્યશ્રી ડૉ. જશવંતભાઈ ટી ચૌધરીએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહક પ્રવચન આપ્યું હતું તેમજ અમરોલી કૉલેજ દ્વારા થતી વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અંગે જુદી જુદી કૉલેજોમાંથી પધારેલ સ્પર્ધકોને અવગત કરી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પરિકલ્પના સમજાવી હતી.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કૉ–ઓર્ડીનેટર પ્રા. વિજયભાઈ ચૌધરી દ્વારા મહેમાનો તથા પ્રા. ચિરાગભાઈ સિધ્ધપુરિયા દ્વારા નિર્ણાયકોનો પરિચય અને એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની ખુશી અશોકકુમાર જ્ઞાનચંદાની દ્વારા સ્પર્ધકોને સ્પર્ધાના નિયમો વિષે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ –ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી કૉલેજોના ૨૧ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિ, દ્વિતીય ક્રમે વી.બી.શાહ. ઇન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટની વિદ્યાર્થીની ભાલોડીયા હેનવી તેમજ તૃતીય ક્રમે જે.બી.ધારૂકાવાલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કુ.માધવી ગોસ્વામી વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ દિપ્તીબેન પુરોહિત હાજર રહ્યાં હતાં. સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની આયુષી પ્રજાપતિ અને એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની હસ્તી જાની દ્વારા તેમજ આભારવિધિ એફ.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. આયુષા નકુમ દ્વારા કરવામાં આવી હતી.

## 'વિચાર ગોષ્ઠી' અંતર્ગત ગુરુવંદના કાર્યક્રમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં તા.૨૭/૦૭/૨૦૨૪ને શનિવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબના માર્ગદર્શન હેઠળ 'વિચાર ગોષ્ઠી' અંતર્ગત ગુરુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગમાં સેવા આપતા પ્રા.ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા 'ભારતીય સંસ્કૃતિ મા ગુરુ પરંપરા અને ગુરુનું મહત્ત્વ' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી થઈ હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિજયભાઈ ચૌધરીએ પૂર્વભૂમિકા રજૂ કરી હતી. વકતાશ્રીનો પરિચય પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSSનાં સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

## 'સરદાર વલ્લભભાઈ પટેલ આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં તા. ૩૧/૦૭/૨૦૨૪ને બુધવારના રોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ સરદાર–વલ્લભભાઈ પટેલ આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. છાયાબેન નાયકે નિર્ણાયકોનો પરિચય અને પ્રા.મિલનભાઈ તલસાણીયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્વક પૂર્ણ રહ્યું હતું. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી કૉલેજોના ૦૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. સોનલ પાંડે, દ્વિતીય ક્રમે ટી.એન્ડ.ટી.વી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ કૉલેજની વિદ્યાર્થીની કુ. ચેલ્સી પરમાર અને ત્રીજા ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થી શ્રી અંકુશ ગવાઈ અને કુ. કૃતિ ચાવડા વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ આશાબેન પારેખ અને શ્રી સંજયભાઈ બોસમિયા હાજર રહ્યાં હતાં. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. યોગિતા નકુમ દ્વારા અને આભારવિધિ પ્રા. ઉન્નતીબેન ડોડીયા દ્વારા કરવામાં આવી હતી.

## રાજા રવિ વર્મા આંતર કૉલેજ ચિત્ર સ્પર્ધા નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં તા. ૨૯/૦૭/૨૦૨૪ને સોમવારના રોજ આચાર્યશ્રી ડૉ.કિશોરસિંહ એન. ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ 'રાજા રવિ વર્મા આંતર કૉલેજ ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ડૉ. રાજેશકુમાર ડી. રાણા સાહેબ દ્વારા શબ્દો અને પુસ્તકથી નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પધાર્ના નિર્ણાયકોનો પરિચય પ્રા. બીનાબેન રાવલ દ્વારા તેમજ સ્પધકોને સ્પર્ધાના નિયમો એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની હસ્તી જાની દ્વારા જણાવવામાં આવ્યાં હતા. સમગ્ર વાતવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી કૉલેજ ૧૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વી.બી.શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થી શ્રી ધ્રુવ દેસાઈ, દ્વિતીય ક્રમે આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખોડવલની વિદ્યાર્થીની કુ. યશવી પટેલ અને તૃતીય ક્રમે જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. મિત્તલબેન ગોસ્વામી અને શ્રી વિવેકાનંદ કૉલેજનો વિદ્યાર્થી શ્રી પ્રતિક જૈસ્વાર વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી અજીતસિંહ ખેર અને શ્રી રાકેશભાઈ ટેલર હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની ખુશી અશોકકુમાર જ્ઞાનચંદાની તેમજ આભારવિધિ પ્રા. મયુરભાઈ પાંડવ દ્વારા કરવામાં આવી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### ગુરુપૂર્ણિમાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૨૨/૦૭/૨૦૨૪ના રોજ ગુરુ પૂર્ણિમા નિમિત્તે કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતુ. કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી, બી.સી.એ.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીશવાલા અને બી.એસ.સી ડેટા સાયન્સના કૉ–ઓર્ડિનેટર હિતેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ગુરુનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. 'જ્ઞાન, ધ્યાન, ચેતના, સંસ્કાર, વિચાર, દેશ, વિશ્વ, વાતાવરણ, પ્રકૃતિ, ભકિત, મુકિત – આ તમામ બાબતોનું જ્ઞાન સદગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે' એવા સુંદર વિચારોથી ગુરુ–શિષ્ય વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કર્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ શિષ્ય સંવાદનું વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ નિહાળી તમામ

વિદ્યાર્થીઓ ખૂબ જ ભાવવિભોર બન્યા હતા. વિદ્યાર્થીઓની યોગ્ય ભાગીદારી અને ઉત્સાહથી ઉત્સવ સફળ રહ્યો હતો. જેનું સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ કૉ–ઓર્ડિનેટરશ્રીઓના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો વિશાખા બારોટ અને કિંજલ કાપડી દ્વારા કરવામાં આવ્યું હતું.

## અમરોલી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજમાં વિવિધ સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર. વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૨૦/૦૭/૨૦૨૪ના રોજ વિવિધ સ્પર્ધાઓની જેવી કે મહેદી, ટેટુ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ૩૫ જેટલા વિદ્યાર્થીઓ અલગ અલગ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની કલાનું અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. પ્રા. કૃપાલી પટેલે સ્પર્ધામાં નિર્ણાયક તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. નિર્ણાયકશ્રી દ્વારા પાંચ જેટલા વિદ્યાર્થીઓની સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. મહેદી સ્પર્ધામાં બી.સી.એ. રેગ્યુલરની ઋત્વિ ગેડિયા – પ્રથમ ક્રમાંક, રામાણી ખુશી – દ્વિતીય ક્રમાંક અને હેતવી સિદ્ધપુરીયા – થર્ડ ક્રમાંકે આવી હતી. જ્યારે બીએસ.સી. ડેટા સાયન્સની વિદ્યાર્થીની દિશા વાસોડીયા અને વિન્ટર બી.સી.એ.ની વિદ્યાર્થીની દુધાત વિરલ વિજેતા રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી, બી.સી.એ.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીશવાલા અને બી.એસ.સી. ડેટા સાયન્સના કૉ–ઓર્ડિનેટર હિતેશ પટેલના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો પ્રા. પ્રિયંકા પટેલ, પ્રા. દ્રષ્ટિ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

## બીલીમોરા કોમર્સ કૉલેજનાં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે 'વર્ષાગીત' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. વરસાદની ઋતુ કોને ન ગમે? એવા જ મુશળધાર વરસાદના વાતાવરણમાં વિદ્યાર્થીઓએ વર્ષાગીતો ગાઈને વાતાવરણને વધારે સુગમ્ય અને સુરીલું બનાવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકેની ભૂમિકાસાંસ્કૃતિક સમિતિના કૉ–ઓર્ડિનેટર પ્રો.પાર્થઠક્કર અને ડૉ.ભાવેશભાઈ પચ્ચીગરે ભજવી હતી. સ્પર્ધાના પ્રથમ વિજેતા ગરાણીયા ટીશા અશોકભાઈ (એસ.વાય.બી.કોમ.), દ્વિતીય વિજેતા પટેલ યશ્વી નિલેશભાઈ (એફ.વાય. બી.કોમ.) અને તૃતીય વિજેતા તલાવિયા પ્રતીક્ષા સુનિલભાઈ (ટી.વાય.બી.કોમ.) રહ્યાં હતાં. કૉલેજના સુકાની એવા ઇન્ચાર્જ પ્રિન્સિપાલ વર્ષાબેન બી. રાણાના નેતૃત્વ હેઠળ સ્પર્ધાનું સંચાલન સંચાલન અને આભાર દર્શન પ્રા. દીપિકાબેન લાડે કર્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ સભ્યોને પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર મળી રહ્યો હતો. અંતે રાષ્ટ્રગાન બાદ સ્પર્ધાને પૂર્ણ જાહેર કરાઈ હતી.



## એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં ' મહેંદી' સ્પર્ધાનું આયોજન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજમાં 'મહેંદી' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સુંદર આકર્ષક મહેંદી પાડી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિયાબેન ટંડેલે કર્યું હતું. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. હિતેશ શર્મા અને પ્રા. પૂજાબેન વાઘેલા એ સેવા આપી હતી. આ સ્પર્ધામાં રાણા માહી ટી.વાય.બી.કોમ. પ્રથમ ક્રમે, ચાંપાનેરી હિતીક્ષા ટી.વાય.બી.કોમ. બીજા ક્રમે, સીદાત અમ્મારા એસ.વાય.બી.કોમ. ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના તમામ સભ્યોએ ફાળો આપ્યો હતો.



## ગુરુપૂર્ણિમાની ઉજવણી



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ દ્વારા સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણા દ્વારા વિદ્યાર્થીઓને આર્શીવચન અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ઉજવણીમાં બીલીમોરા સ્થિત ગાયત્રી પરિવારના સભ્યો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત હતાં. વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપકોનું કંકુ ચાંદલા વડે પૂજન અને સ્મૃતિ ભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. હિતેશ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. સનાતન પરંપરાને આગળ ધપાવી સંસ્થામાં ગુરુ પૂજનનું આયોજન કરવામાં આવેલું અને અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને શુભ–સંદેશ પાઠવવામાં આવ્યાં હતાં. કૉલેજની વિદ્યાર્થીનીઓએ નૃત્ય દ્વારા ગુરુ વંદના કરી. એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં બી.કોમ. કોર્ષ ચાલે છે જેમાં ૮૦૦થી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ ગ્રહણ કરે છે અને સંસ્થામાં સનાતન પરંપરા ને લગતી પ્રવૃત્તિ થતી રહે છે.

## બીલીમોરા કોમર્સ કૉલેજમાં મને ગમતું પુસ્તક વાર્તાલાપ



એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. પુસ્તકનો સંગ એટલા માટે શ્રેષ્ઠ છે કે માણસના એકાંતનો એક માત્ર એ ઇષ્ટમિત્ર છે. મન અને ચિત્તને સતેજ કરી ચેતન પુરું પાડે છે. વાંચન માનવીના સમગ્ર જીવનમાં પ્રેરણા, પ્રસન્નતા અને પ્રોત્સહન પૂરાં પાડે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને કૉલેજના એક અધ્યાપક દ્વારા ગુજરાતી સાહિત્યાના જુદા જુદા લેખકોના પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતાં. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાએ પ્રસંગોચિત પ્રવચન કરી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## 'કારગીલ વિજય' દિવસ



એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં એન.સી.સી. યુનિટ દ્વારા 'કારગીલ વિજય' દિવસ ઉજવવામાં આવ્યો, જેમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણા તથા એન.સી.સી. ઓફિસર સબ લેફટનન્ટ ડૉ. સોનલબેન વસાવા કૉલેજના અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને શહીદ જવાનોને ફૂલો દ્વારા શ્રદ્ધાંજલિ આપી અને બે મિનિટનું મોન પાળ્યું હતું. કેડેટને કારગીલ યુદ્ધનો શોટ વિડિયો બતાવવામાં આવ્યો હતો. આજરોજ વિદ્યાર્થીઓ દ્વારા દેશની સેવા કરવાનો સંકલ્પ પણ લેવાયો હતો અને આપણી આઝાદીના રખેવાળ જવાનોનું બલિદાનને બિરદાવી હતી.

## ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પરંપરા અને ગુરૂનું મહત્વ




બીલોમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૩૦/૦૭/૨૦૨૪ના રોજ એન.એસ.એસ. અંતર્ગત ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પરંપરા અને ગુરૂનું મહત્વ અંગે 'વિચારગોષ્ઠી અને ગુરૂવંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત) પત્ર ક્રમાંકઃ ૧૫૭૯૬/૨૦૨૪થી નિર્દેશ કરવામાં આવેલા મુખ્ય વકતાશ્રી રાજેશભાઈ ગાંધી દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિમાં ગુરુનાં સ્થાન, શાસ્ત્રો અને

ગ્રંથોમાં ગુરૂના મહત્વની સદ્રષ્ટાંત સમજૂતી આપી હતી. ભારતને 'વિશ્વ ગુરૂ' બનાવવામાં ગુરૂ અને શિષ્યોની ભૂમિકા વગેરે સંદર્ભમાં ખૂબ જ અસરકારક વ્યાખ્યાન રજૂ કર્યુ હતું. કૉલેજની મોટી સંખ્યામાં એન.એસ.એસ. સ્વયં સેવકો તેમજ અન્ય વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાયાં હતાં. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા. વર્ષાબેન રાણા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, ડૉ. ભાવેશ પચ્ચીગર, પ્રા. પૂજા વાઘેલા તેમજ એન.એસ.એસ. ટીમ દ્વારા સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીની ગુજરાત સ્ટેટ પોલિસ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજીત ભાઈઓ અને બહેનોની પાવર લિફટીંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાત સ્ટેટ પોલિસ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજિત ભાઈઓ અને બહેનોની પાવર લિફટીંગ સ્પર્ધા નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી (૧) શ્રી તુષાર રમેશભાઈ બારાભાઈ ૬૭.૫ કિ.ગ્રા ગ્રુપમાં સ્કોટ ૯૫ કિ.ગ્રા. ડેડલિફ્ટ ૨૩૦ કિ.ગ્રા. બેંચપ્રેસ ૧૧૨.૫૦ કિ.ગ્રા. કુલ ૫૩૭.૫ કિ.ગ્રા. વજન ઉચકી પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. (૨) કું. છાયા મોરેએ ૮૨.૫ કિ.ગ્રા. ગ્રુપમાં સ્કોટ ૪૦ કિ.ગ્રા. ડેડલિફ્ટ ૫૦ કિ.ગ્રા. બેંચપ્રેસ ૨૫ કિ.ગ્રા. કુલ ૧૧૫ કિ.ગ્રા. વજન ઉચકી પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી વિનોદ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી છગનભાઈ અસારિયા આસિ. પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### નવયુગ કોમર્સ કૉલેજ દ્વારા પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે Orientation કાર્યક્રમનું આયોજન




નવયુગ કોમર્સ કૉલેજમાં તા. ૦૬/૦૭/૨૦૨૪ના રોજ પ્રથમ વર્ષ બી.કોમ.માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે Orientation કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ કૉલેજ અને યુનિવર્સિટીના શૈક્ષણિક માળખા સાથે પરિચિત થાય તે માટે Orientation કાર્યક્રમ ખૂબ જરૂરી હોય છે. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ બાબતો વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. કૉલેજના નિયમો, યુનિવર્સિટીના નિયમો તેમજ સમગ્ર ત્રણ વર્ષ દરમિયાન તેમણે કઈ કઈ બાબતોની કાળજી કરવી જેથી વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસક્રમ સરળતાપૂર્વક પૂર્ણ કરી શકે તે બાબતો ઉપર આચાર્યશ્રીએ ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને તમામ સ્ટાફ સભ્યો સાથે પરિચય કરાવ્યો હતો. કૉલેજના એકાઉન્ટન્સી વિભાગના અધ્યક્ષ ડૉ. બ્રિજેશ એસ. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આંતરિક પરીક્ષા, યુનિવર્સિટી પરિક્ષા, અસાઈમેન્ટ, હાજરી વગેરેનું મહત્વ અને તેના માર્ક વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાધ્યાપિકા ડૉ. નયનાબેન સુરેજા દ્વારા કૉલેજોમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ હતા. પ્રાધ્યાપક ડૉ. રૂપેશ દવે દ્વારા વિદ્યાર્થીઓને NSS વિભાગ વિશેની કામગીરી, વિદ્યાર્થીઓને NSSમાં કઈ રીતે જોડાઈ શકે તે વિશે માહિતી આપવામાં આવી હતી. પ્રાધ્યાપક ડૉ. મેહુલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને કૉલેજમાં ચલાવતા વિવિધ સર્ટિફિકેટ કોર્સ, પ્લેસમેન્ટ વિભાગ તેમજ રિસર્ચ સેન્ટર વિશેની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આભાર વિધિ તેમજ ઉદ્દેશક તરીકેની કામગીરી અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. બિંદુ શાહ દ્વારા કરવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના આયોજન માટે કૉલેજની Orientation કમિટી ડૉ. મેહુલ શાહ તેમજ ડૉ. અનિલ મૈસુરિયાએ આ અંગેનો કાર્યભાર સંભાળ્યો હતો.

### 'એક પેડ માં કે નામ' અભિયાન

ભારત સરકારના યુવા મંત્રાલય અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગના પરિપત્ર મુજબ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત

તા. ૧૦/૦૭/૨૦૨૪ના રોજ નવયુગ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા કૉલેજના ગાર્ડનમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને જુદા જુદા પ્રકારના ૨૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. બ્રિજેશ પટેલ, ડૉ. અંકિતા ઝાડેશ્વરિયા અને ડૉ. રૂપેશ દવેએ વધુને વધુ વૃક્ષો વાવવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.







## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Guru Purnima Celebration - 2024

C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara celebrated "GURU PURNIMA" on 22nd July 2024. Students and Teaching Staff Celebrated Guru Purnima by offering floral tribute to Maa Saraswati and Guru Dr. Hahnemann. Speech was delivered by Bhanuchandra Thakur and Tisha Rohit students of 4th year BHMS on “Importance of Guru”. Speech was also delivered by Principal Dr. Jyoti Rao and Dr. Bhavin Modi. The whole program was anchored by "Miss. Jignyasa Ahire", student of 4th year BHMS. The students had Felicitation of all faculties with Flowers and with Cake Cutting. Whole programme was coordinated by 4th year BHMS Student and Activity Committee under the guidance of Principal Dr. Jyoti R. Rao.






## Sheth P. T. Mahila College of Arts & Home Science , Vanita Vishram.

### 'Use of Excel in Data Analysis' Workshop

Two days workshop was conducted on 'Use of Excel in Data Analysis' for TYBSC (Food Science and Nutrition) students on 12 & 13 July 2024. Subject Expert was Dr. Pratiksinh S. Vaghela Assistant Professor, S. R. Luthra Institute of Management, Sarvajanik University, Surat. Workshop Convener was Associate Professor Mrs. Minakshi Tripathi, under guidance of I/c Principal Dr. Smita Bhatt.





## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-07-2024 to 31-07-2024

| Detail | Description | July-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 1899 | |
| | Internet Lab User | 35 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 149 | |
| | Research Scholars | 11 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 3 | |
| | Online User | 0 | |
| | Total | | 2099 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| July-2024 | 388 | 290 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2024 | 06 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2024 | 08 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2024 | 08 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in